अभिज्ञान शकुंतलाना

नाटकमां गवातां गायनो.

છપાવી પ્રસિદ્ધ કરનાર,

બુ · · · મુસાજી અમીજી અતરવાલા

નગરમાં હાથીખાનાર.

પ્રથમ આવૃત્તિ—પ્રત ૧૦૦૦.

અમદાવાદ

ધીનકાંટે 'યુનિયન' પ્રિન્ટિંગ છાપખાનું.

સન ૧·· .

કિમ્મત બે આના.

૪૫૦૭

अभिज्ञानं शकुंतला.

નાટકનો પાત્ર વર્ગ.

દુશ્યંત..........ભરતખંડનો રાજા, નાટકમાં નાયિક.
કણ્વઋષિ.........શંકુતલાને ઉછેરી મોટી કરનાર.
શકુંતલા.........મેનકાપરીની પુત્રી નાટકમાં નાયિકા.
સર્વદમન.........તેનો પુત્ર.
પ્રિયવંદા }
અનસૂયા } ......સાહેલીઓ.
ગૌતમી...........આશ્રમની સ્ત્રીઓમાં વડીલ.
(માછીમાર, કોટવાળ, સિપાઇ, સંન્યાશી,)
શારંગરવ, સારથી, માતલી, વગેરે.

ईश्वर प्रार्थना.

રાગ જીલ્લા પીલુ—ગજલ.

સર્વપાત્રો— (રૂહે બનમેં હયે તપાં એ રાગ.)

સ્મરૂં હું તે જગત્પતિ, દેનાર નાથ સન્મતિ;
નમું હું ગ્રંથ આદરી, સહાય દેજે શ્રી હરી. ૧
અસંખ્ય તુજ ગુણ છે, તું માત્ર એક પૂર્ણ છે;
અજબ તારી ચાતુરી, સહાય દેજે શ્રી હરી. ૨
બચાવે લાવે અંતને, તું પોષે જીવ જંતને;

અપાર શક્તિ તેં ધરી, સહાય દેજે શ્રી હરી. ૩
અગણ્ય રૂપ તું ધરે, સમસ્ત વસ્તમાં રહે;
ન જાઉં તુજને વિસરી, સહાય દેજે શ્રી હરી. ૪
સૂર્યને રૂપેરી ચંદ્ર, ગ્રહો ઉપગ્રહો અનંત;
ખલક ફલકમાં જરી, ન ખામી કીધ તેં હરી. ૫
તેં ઝાડ પાન પક્ષીઓ. ન ભિન્ન શક્તિ બક્ષિઓ;
બતાવે તારી ચાતુરી, સહાય દેજે શ્રી હરી. ૬
સદૈવ સુખ દાત છે, અખિલ વિશ્વ તાત છે.
અતિ ઉદારતા ધરી, સહાય દેજે શ્રી હરી. ૭

અંક પહેલો.

જંગલનો દેખાવ.

રાગ ભોપાલી કલ્યાણ.

દુશ્યંત—સબુર, સબુર, સબુર, લગામ તંગકર;
હરણ જાય સામને, તું સારથી સબુર. ટેક.
સારથી—રાય એ સુજાણ, મેં રોકી છે લગામ;
હુકમનો છું તાબેદાર, આપનો ગુલામ. ટેક.
રાજા—લઇ અદલ નિશાન, તંગ તાકી મારૂં તીર;
છોડું એવા જોરથી જે જાય ઉગર ચીર. સબર. ૧
પણ જો પેલા પ્રાણીએ, શી દીધી લાંબી દોટ;
જાવા માગે ઝાડીમાં, ચુકાવા માગે ચોટ. સબર. ૨
(બે સન્યાસીઓ ઝાડીમાંથી પ્રવેશ કરે છે.)

પદ ઝીંઝોટી.

સન્યાશી—(પ્રભુ તોરે નામકી લ્હે મોયે લાગી.)

રાય તારા બાણુને શાને ચડાવે.
હરણુ અમારૂં પાળે લજત્ને, કોઈને નહિ સતાવે;
પુષ્પ ઢગોમાં અગ્નિ મીસલે, કઠિણુ શરો ન સુહાવે. ૧
સાધુ સન્યાશી વસે છે ત્યાંહિ, એહા રામ નામ ગાવે;
ગુરૂ અમારા તીર્થે ગયા છે, કણ્વરૂષિ જો કહાવે. રાય ૨
જાઓ ધીરાજા દુસ્યંત ન્યાયી, શીષ મુગટને સોહાવે;
શકુંતલા છે કણ્વની પુત્રી, તુજને મે માન બતાવે. રાય.૩

રાજા— (હસ્ત જોડી.)

કાલિંગડો દાદરો.

કરૂં ન બુરૂં કાજરે, કરૂં ન બુરૂં કાજ;
નકી માનો મહારાજરે, કરૂં. ટેક.
આજ તો અજાણ પણે, થાત અનરથ મહા;
આવીને અચાનક, રાખી મારી લાજરે. કરૂં. ૧

રાગ પરજ કાલીંગડા—ઠુમરી.

સન્યાશી—(કાઢી મેં રાત મઝમેં સારી.)

ચલીયે સંગ હમારે મઠમાં,
નથી છેક દૂર નદીના ત્રટમાં;
ગુરૂ અમારા તિર્થે ગયા છે,
માત્ર સંન્યાશિઓ આહિ રહ્યા છે. ચલિએ. ૧

(બધા રંગ ભુમીપરથી જાય છે.)

અંક પહેલો. પ્રવેશ બીજો.

ઉપવન.

રાજા—(મંડપમાં)

ગજલ બીહાગ. (મૃગ લોચની ગજગામીની.)

શાં સુગંધી ફુલ આ ફુલવાડીનાં દિશે;
ચંપા, ચંબેલી, કેતકી ખીલ્યાં છે જે વિષે. શાં. ૧
ગુલાબને ગુલબાસના અશોકમાં મણા;
તરૂ દિસે છે જાંબને કદંબના ઘણાં. શાં. ૨
મંદ વાયુ ઠંડીમાં ગુણકારી આ વહે;
મધુ કરો દર ફુલથી સુગંધીઓ લહે. શાં. ૩
છુટી ગરૂરી માહરી, ભૂલી ગયો છું ભાન;
રસીક થાત જોઈને થયો અતિ આરામ. શાં. ૪

(શકુંતલા વૃક્ષ સીંચતી આવેછે)

ખમાચ.

શકુંતલા—(અલી મોરી લચક લચક ચલત મોહન આવે)
પ્યારી મારી, હંગુલીને તમો, પ્રેમ ધરી સીંચાવો અહીં આવો;
ચંપાની કલીયાં, ફુલ ચંબેલીઆં, ચુટીને હાર બનાવો. પ્યા.
મારી ચુનરીઆં, ભીંજી શગરીઆં. અંગ ઉપર લપટાવો;
વારી શીંચાવો, હાર ગુંથાવો, બાગમેં ધુમ મચાવો. પ્યા.

(એક ભ્રમર શંકુંતલાને મુઝાવે છે).

પરજ કુમરી.

શંકુતલા— (મોરી અખીઆં ફરકન લાગી)

મને શાને સતાવે મધુકરરે;
દોડી આવે શી લાલચેં સરપર. મને. ટેક-
કમલ સમજતો કમલ નથી હું;
જીવડરે, દેહ કંપે થર થર. મને. ૧
અરજ કરૂં કરજોડી તારી,
જુલ્મ ન કર તું મુજ અબળા પર. મને. ૨
સખીઅન આવો મુજને છોડાવો;
જુલ્મ ગુજારે આ ભંવરો મુજ પર. મને. ૩

(રૂમાલથી ભ્રમરને ઉડાવા માંડે છે)

દુસ્યંત— (મંડપથી બહાર આવી)

હોરી.

નિકળીજા હ્યાંથી નાદાન;
ન આવે શું શર્મ જરાયે. નિકળી.
અબળા બિચારી બાવરી બનાવી;
બદને ભુલાવીયું ભાન. નિકળી. ૧

(ભંવરાને મારી નાખે છે)

સાહેલીઓ— (અરે બાવા તું લે ભિક્ષા)

કહો કયા કુળનાછો રાજ, વિસ્તારી સર્વ કહોની વાત;
કહાં નિવાસ શું છે નામ, કહો શીદ આવીયા આ ધામ. ૧

રાજા—

સખીહું જાતનો ક્ષત્રી, રાજા દુસ્યંતનો મંત્રી;

હસ્તીનાપુર મારૂં સ્થાન, પ્રવાસે આવી લાગ્યો વન. ૨

અનસૂયા—

છુપાવો શીદ તમારૂં ધામ, છે દુશ્યંતરાય તમારૂં નામ;
અંગોઠીઆ દિસે એની, ઉપર દેખાય નિશાની. ૩

પ્રિયવંદા—

બચાવી બાઇ અમારી, છઇએ તેથી ઉપકારી;
મુંઝાવતો દુષ્ટ જે મધુકર, તેને આપે કરીને દૂર. ૪

રાજા—

નથી અન્યાય મધુકરનો, હતો ઘાયલ જીવ એનો;
હું ભુલ્યો સુધ બુધ મારી, દેખીને બાઇ તમારી. ૫

અનસૂયા—

અશુભશું વાણી વદવીરાય, અશુભ બોલ્યે નશુભ કે'વાય;
નથી એ રાજવીની રીત, વદો શું વેણ મુખથી અનીત. ૬

શકુંતલા— (હમકું છાંડ ચલે બન માધુ)

સુરત પીયારી, દેખી મુરત અટારી, રાય તણી સુરતપરવારી,
ભ્રમરને મારી, કીમાં ઉપકારી, પ્રેમ તણી આણી વારીરે;
પંકજ નયનો વેગે ઉઘાડી હર્ષ થકી કીધી બેજારી. સુ. ૧
ભાન ભુલાવી, સાન ભુલાવી, સુધ વીસરાવી સારીરે;
મધુકર મારી, પ્રીત લગારી, નેનપરે હું જઉ બલિહારી. સુ. ૨

રાગ જંગલો ઠુમરી.

સાહેલી— (નયને કટારીરે લાગી—એ રાગ)

સંગ પધારોરે. આશ્રમ માંહી મહારાજ. ટેક.

સખીઅન મારી, લાજત ભારી;
ન ધરિએ દિલમાં જરી લાજ. સંગ. ૧
(બધાં રંગભુમી પરથી જાય છે)

પ્રવેશ ૩ જો.

તપોવન.

ગજલ.

શકુંતલા—

સુરત પ્યારા, દેખીને તારી, લાગીછે પ્રીતમ પ્રેમ કટારી;
નિશદિન તારૂં નામ રટુંછું, લાગીછે તુજમાં આશામારી. ટેક
મળીયા બાગમાં પ્રીતમ જે દિન, ભાંગ્યો ઉમંગ ને બનીછું ખિન્ન;
મન મુજ મળવા થયુંછે લયલિન, નથી ભુલાતી નેન ખુમારી. સુ. ૧
જોઇ જોઈ હું કુસુમની કલી, અંબ તરૂ સંગકા પુર વલી;
દેખીને આનંદ થતો 'તો અલી, હવે દિસેછે સર્વ અકારી. સુ. ૨

(સખીઓ પ્રત્યે) રાગ—મોહોલે પધારો મહારાજ.

મારી શાણી સખી સુણુત, હવે કેમ ધીરજ ધરૂં;
બની આતુર આજે અનાથ, બળે પ્રિતથી દિલ મારૂં. ટેક.

સાખી.

તપો વનના રક્ષણે આવ્યા'તા જે રાય,
સુરત નિહાળી તેહની, (મારૂં) ચીત્તડું શોષે ચીરાય. હવે. ૧
ઇલાજ બતાવે બેનડી, છો તું ચતુરસુજાણ;
ગુપ્ત વાત ખુલ્લી કરી, (મેં આ) તુજને જણાવી પ્રાણ. હવે ૨

અભિલાષ મળવા તણે, ચિત્ત બન્યું ચકચુર;
પાડ હું માનીશ તાહરો, (જોતું) લાવે પીયુને જરૂર હવે. ૩

રાગ.

પ્રિયવંદા— (બેની મારીરે, ચાંદની ખીલ રહી).

બેની પ્યારીરે, આપે જો પત્ર લખી;
લખી આપે જો પત્ર તું, હાલ તીહારે હાથ;
મેળવું પળ બેચારમાં, પ્રીતમને તુજ સાથ. બેની. ૧

શકુંતલા— (પત્ર લખી વાંચેછે).

આર્યા.

"તુજ નવ જાણ્યું હૈયું, અંગો મારાં અનંગ દિનરાત્રી;
શેકેછે, ઓ નિર્દય ! તારામાં તમામ મુજ વૃત્તિ."

દુશ્યંત— (સહસા પાસે આવીને).

આર્યા.

"મદન તને જોશેકે, પણ બાળીને કરે મને નિત્યે;
ખાખ સમાન, કૃશાંગિ ! મનમાં નહીંલે લેશ માત્ર તું તે."

ગજલ બીહાગ.

પ્યારી તારા પ્રેમના શબ્દો સુણી મધુર,
નિહાળી તુજને હરઘડી, થયો હું પ્રેમાતુર. ૧
લાજેછે શશિરાજ પ્યારી, દેખી તારૂં નૂર;
કેમ તો કોઈ અન્ય દેખી, થાય ન ચકચૂર. ૨

(શકુંતલા જવા લાગેછે).

રાગ જંગલો ઠુમરી.

(છેલ છબીલી)

દુસ્યંત—

છેલ છબીલી.

છેલ છબીલી પ્યારી. છેલ. ટેક.
મદ ભરે લોચન, પ્રિતશર મોચન;
અધર કમલ કલિ ખીલી. છેલ. ૧
સખીયન તારી, ગઈ મતવાલી;
ઘડિભર રે'ની રસીલી. છેલ. ૨
યઉવન તારૂં લુંટે મન મારૂં;
ધર નવ લાજ હઠીલી. છેલ. ૩

રાગ.

શકુંતલા.—(ચંદ્રમુખીને એકલી છોડીને આવ્યો અહીં).
જાણી એકલી રાયજી, મને ન સતાવો ભલા;
કુસુમ જાણી સાજના. કલી ન તોડાવો ભલા. ટેક.
માત પિતા કહ્યા વિના, વરૂંજ આપને નહીં;
ચાર દિનની ચાંદની, ડાગ ન લગાવો ભલા. જા. ૧
આજ સુધી મેં પ્રેમની, વાત તો જાણી નથી;
મધુર વાણી ઉચરી, મને ન ડરાવો ભલા. જા. ૨

હોરી.

રાજા — લાજ ન ધર તું જરાય,
નહીં દઈશ જાવા હું તુજને. ટેક
નયણે નીહાળી જ્યારથી પ્યારી;
ચીતડું ગયુંછે ચીરાય. ૧

શકુંતલા—ગજલ ભૈરવી. (હોતા હે કોઈ આનમે)

કરાર પ્યારી સાથ આમ જો કરો પ્યારા;
બંધાવું ગાંઠ લગ્નની દીલ્દાર અમારા. કરાર. ૧
બનુ હું જીંદગી સુધીની દાસી તમારી;
કરો જો ગર્જ ઇશ્કની બજાર હો પ્યારા. કરાર. ૨
જો આપો કોલ હેત ધરી નેહનો નકી;
તો હાર હું આરોપવાને ત્યારછુ પ્યારા. કરાર. ૩
(ગાંધર્વ લગ્ન થશે).

પ્રવેશ ૪ થો.

આશ્રમના નોકરો ગાયછે.

દાદરા.

સર્વે—રંગ આજ શાદીનો હર્ષે ઉડાવોજી;
તનન ત્રોમ તનન ત્રોમ, મૃદંગ બજાવોજી. રંગ.
લગન લગન વારની, ધુમ મચાવોજી;
ધપમ, ધપમ, ધપમ, ધમ, ચંગ બજાવોજી. રંગ.
પીને સારા મીષ્ટ આસવ, ભંગ ઘુંટાવોજી;
દુશ્યંતને શકુંતલાનાં નામ ગાઓજી. રંગ.

પ્રવેશ ૫ મો.

દુશ્યંત રજા માગી હસ્તિનાપુર જવા લાગે છે.

શકુંતલા— **રાગ બનજારા.**

શું જાઓ તજી પીયુ પ્યારા, છો જીવન હાર હમારા. ટેક.

શું પ્રીત લગાડી પ્યારા, ઘટે દ્રષ્ટી થકી થવું ન્યારારે;
રહો માન્ય કરી નીજ દારા, છો જીવનહાર હમારા. ૧

દુસ્યંત—

એ વાત ખરી મન માની, હે પ્રાણ સખે દિલજાની. ટેક
તું નકર સ્ત્રી હઠ પ્યારી, હશે મુજ વણ રાજ બેજારીરે;
તો આપ રજા દિલ જાની, એ વાત ખરી મનમાંની. ૨

શકુંતલા—

ન નામ જવાનું લેવું, મને લાગે હળાહળ જેવુંરે;
તો મહેર કરી રહો પ્યારા, છો જીવન હાર હમારા. ૩

દુસ્યંત—

મારે જાવું નગ્રની માંહી, થવું રૈયતને સુખદાઇરે;
શું આમ બની અજ્ઞાની, એ વાત ખરી મનમાંની. ૪

શકુંતલા—

પુછે તાત કહાં પીયુ તારા, ત્યારે ઉત્તર શું દઉં પ્યારારે;
તો મ્હેર કરો દિલદારા છો, જીવન હારહમારા. ૫

દુસ્યંત—

નકી જાણુ થઇ પટરાણી, લે તેની બદલ આ નિશાનીરે;
(અંગોઠી આપે છે)
જઇ નગ્ર બોલાવીશ જાની, એ વાત ખરી મનમાંની. ૬
(ભેટીને જાય છે)

પ્રવેશ ૬ ઠો.

શકુંતલા— રાગ (દેસી દેસ છોડ ચલે પરદેસી)

અરે દિલ લુંટ ગયો દિલ જાની. ટેક

રૂપ સ્વરૂપ બદલી ગયું મારૂં,

સુરત સંભારી પ્રીયાની. અરે. ૧

નેન બળેછે મન તલસે છે,

ઈસ્કે બનાવી દીવાની. અરે. ૨

સુપને ન પ્રીતમ દરશન આપે,

દાણુ લીએ નહિં દાણી, અરે. ૩

વદન સુકાયે જીવ ગભરાયે.

દેખીને અંગોઠી નિશાની. અરે. ૪

દુર્વાશા—(પ્રવેશ કરીને)

રાગ (આજકાન મોરલી.)

દેખો આ શકુંતલા છે ઇસ્કમાં દિવાની,

થૈ ગઈ દિવાની બની આજ એ ગુમાની; દેખો.

જેમ કોઈ શરાબના નીશા મંહી હયેરાની,

દુષ્ટ એ પુત્રી એ મારી કદર ન પીછાની; દેખો.

શીર ન નમાવ્યું નવ જોયું સામુ મારી,

દેખું હવે શી રીતે મીલાવે એનો જાની; દેખો.

હોરી.

પ્રિયવંદા—

બસ કરોરે રૂષિરાજ

નથી દોષ એનો જરાયે, બસ. ટેક.

તમને શકુંતલા ચાહે સદાય,

શ્રાપ ન દો મહારાજ; નથી. ૧

પુત્રી તમારી, સમઝવી એને;
ક્રોધ કરો શાને કાજ. નથી. ૨

દુર્વાશા—રાગ (કહો તો રાજાજી સાથે હું આવું એ રાહ).

આગ ગુસ્સાની બુઝાશે ન મારી,
પણ જો દયાની નજર કરૂં પ્યારી. આગ.
બરબાદ મારો શ્રાપ ન જાયે,
પણ જો કદિ એનું મન પસ્તાયે. આગ.
દુશ્યંત સાથે મળશે એ નારી,
પણ નવ રાજા પિછાંનશે પ્યારી. આગ.
વળતી એ શ્રાપથી, મુક્ત થઈને;
મળશે શકુંતલા નીજ પતિને. આગ.

(રંગભુમી છોડેછે)

પ્રવેશ સાતમો.

સખીઓ— (પ્રિય કરો શંભુનાથ એ રાગ.)

કરજે વિલાસ, પ્યારી કરજે વિલાસ;
નીજ પ્રાણનાથ સંગે કરજે વિલાસ. ટેક.
દેખી નૂર તાહરૂં ઘટે શશિ પ્રકાશ,
તેહ તું પ્રીતમ સંગે કરજે વિલાસ. નીજ. ૧
કરવી ચિંતા તમને રે'શું તાત પાસ,
પ્રીય વહિને સંભારી, થાજેમાં ઉદાસ. નીજ. ૨
નાથને રમાડી રંગે, કરો મોહ પાસ;

પતિ ઘેર જઇને પ્યારી કરીશો નિવાસ. નીજ. ૩

શકુંતલા— (સીતાજીના મહીનાનો રાગ.)

મારી વ્હાલી સાહેલીઓ સર્વ, કહું જેહ આપને;
તેની આજે કરજો ક્ષમાય, પામું પરિતાપને. ૧
બોલ્યું ચાલ્યું થયું હોય જે, તે લેજો ન ધ્યાનરે;
બાળપણમાં હતી હું બાળ, હતું નહિ જ્ઞાનરે. ૨
રે'વું તાતને માતની પાસ, તનૂજોની રીતથી;
મારા મૃગની ખબર દેજો નિત્ય, પત્ર લખી પ્રતીથી. ૩

પ્રવેશ આઠમો.

દરબાર.

શારંગરવ—રાગ ઠુમરી. (લાદે લાદે સાંવરીયા યારહો).

લીજે લીજે સોહાગન પ્યારી હો,
લીજે રાજાજી નારી સ્વીકારી. ટેક.
લગ્ન સુણીને કણ્વ તમારાં,
પ્રસન્ન થયોછે ભારી હો. લીજે. ૧
નારી તમારી નાજુક સાદી,
પ્રીતેથી રાખો સંભારી હો. લીજે. ૨

લાવણી આશાવરી.

રાજા— * (રાગ દેખી તેરી વફાદારી)

અરે આશો જુલમ ભારી, નથી નારી એ મારી. ટેક.
લગ્ન કેવા ! કણ્વ કહેવા ! કેવી સોહાગન ! !

શારં—વિચારો નિજ મન.

ગૌતમી—કિધાં જે લગન.

શકુંત૦—અરે રાજન !

રાજા—અરે આશો જુલમ ભારી, નથી નારી એ મારી અરે. ૧

શારંગરવ—મૃગયા કારણ રાજન જ્યારે, આવેલા વેરાન;

ગૌતમી—ધરો રાય ધ્યાન.

શકુંતલા—રહ્યા મહેમાન.

રાજા—નથી પયેંછાન.

અરે આશો જુલમ ભારી, નથી નારીએ મારી. અરે. ૧

શકુંતલા—લાજેછે નીજ જાત પ્યારા.

શું થયા અજાણ.

શારંગરવ—અરે બેઈમાન.

ગૌતમી—કીધી હયેરાન,

રાજા— દીજે નિશાન,

અરે આશો જુલમ ભારી, નથી નારી એ મારી. અરે. ૩

શકુંતલા— **હોરી.**

ધીર થકી ધ્યાન ધરીએ,
નહીં નાથ મુજને વિસરીએ. ધીર. ટેક.
ખાતરી માટે આપું નિશાની,
જેથી પ્રતીતી કરીએ;
તમને બતાવુંછું આપેલ મુદ્રા,
વચન થકી નવ ફરીએ, નહીં. ૧

(મુદ્રા મળતી નથી.)

દુસ્યંત—કેમ રહો ચુપ, દીજે નિશાની;

મારી અંગોઠી બતાઇએ;
તરીયા તણા જાણું નખરાં હું સવે,
કંઈ નમુને સમજાઇએ. નહીં. ૧

શારંગરવ—સરીતા કિનારે ભૂલી અંગોઠી,
હવે કહાંથી મીલાઇએ;
હાથ ધોવંતાં, જળમાં ડુબી ગઇ,
નીરથી ન લોચન ભરીએ. નહીં. ૩

શકુંતલા—દોષ બધોછે મુજ કિસ્મતનો,
રોઇ રોઇને ચુપ રહીએ;
થાયે થવાનું હોય ન કોજે,
ભાવી તણા ફળ સહીયે. નહીં. ૪

ગજલ ભેરવી (હોતા હે કોઈ)

ગઇ અંગોઠી કેમ આડી, આજ આંહી મને;
તજીને જાવું વહાલી મારી, યુક્ત નહિં તને. થઈ. ૧
દગો દીધો તેં બાપુડી, ન યુક્ત છે તને;
આવજો પાછી પલકમાં, મળું હું સ્વામીને. થઇ. ૨

રગ કલ્યાણ.

દુસ્યંત— (રાજા હુમે કોમકા.)

કહો ગુરૂજી કેમ આનો કરવો શો ઉપાય ?
દિસેછે સંગર્ભ નારી તેને કેમ રખાય. ૧

પંડિત—ખીલ્વતમાં લઈ હાલ રાજા, રાખુંછું આ નાર;
શ્રીમંતછે એ નારને, તે પરથી થશે વિચાર. ૨

રાજા—કહો ગુરૂજી હમેલ પરથી, કરવો શો વિચાર;
અકલ ન પહોંચે મારી, તો આપ કરો ઉપકાર. ૩
પંડિત—ફરઝંદ જ્યારે આવશે, ત્યારેજ થશે માલુમ;
કોણ તણુંછે ઉદર માંહી, રહી ગયું તો ખમ. ૪
(સન્યાશીઓ જાય છે)

શકુંતલા— જતાં જતાં ગજલ ભયેરવી.
મળવા ફુલની આસ, મળીયા કંટકો તમામ;
અપમાનનો આ ડાઘ, તો દેનારને પ્રણામ. મળવા. ૧
ગાંડાપણમાં સમમેં કરી દીધાં એ સાથ;
તાતને પ્રણામ, વહાણી જાતને પ્રણામ. માળવા. ૨
આવી શી ઉમેદથી, બની શી એ મુરાદ;
જાશે નહિ આ જખ્મમોતે, પ્યારનો પ્રણામ. માળવા. ૩
મળવું હોયતો મળજો પ્યારા, છેવટે પ્રણામ;
કામન આ જગતથી, દિલદારછે પ્રણામ. માળવા. ૪
(પુરોહિત સાથે જાયછે)

પ્રવેશ ૯ મો

કાહારવો.

મચ્છીમાર—સાડે ત્રણ પૈસે શેર મછલી ના વેચુ હું. ટેક.
નાની મારી મછલીમાંથી, નીકળી આ અંગોઠી;
બજારમાં જઇ વેચી મારૂં, લઉ વેચાતી રોટી. સાડે. ૧
અંગોઠીને વેચ્યે મળશે, રૂપિઆ ધોળા સાત;

મુરગાં એનાં લઉં વેચાથી, સારી ઊંચી જાત. સાડે. ૨
ઇંડાની લઊં બકરી, વેચી બકરી લાવું ગાય;
ગાયો કેરૂં દુધ વેચીને ભેંસો લેશું ભાય. સાડે. ૩
(બજારમાં જાયછે)
કોટ—અંગોઠી આ મુજને કયાંથી, આવી લાગી હાથ;
મછી—કો-કો-કો-કોટવાલ સાહેબ, સાંભળ મારી વાત. સા.૪
કોટ—જો છે આ અંગોઠી માંહી, રાજાજીનું નામ;
મછી—મછલીમાંથી મુજને આતો, આજ મળી **મહેરબાન**. સા.
સિ૦—કોટવાલ સાહેબ છોડો લૈ, અંગોઠી દઇ ઈનામ;
મછી—છુટયો છુટયો હું બલાથી, ભાઇ તારૂં શું નામ. સા. ૬
ભગવાન તારૂં હારૂં કરજો, તોડી મારી આશ;
કોટ—લઈ અંગોઠી જાઓ સિપાઇઓ, રાજાજીની પાસ. સા. ૭

પ્રવેશ ૧૦ મો.

પુરોહિતનો બાગ.

સોરઠ—(મારૂજી ચાંદની રાત)

શકુંતલા—લાગીછે દિલમાં આગ:
મારા દુ:ખનો ન આવ્યો તાગ. લાગી. ટેક
દુ:ખમાં ડુબાવી મને, પીયુજીએ જ્યારે;
ચીંતાનો ડસી ગયો નાગ. લાગી. ૧
દર્દ કટારી કારી, લાગી કલેજે;
સાચે હિણાં છે મુજ ભાગ્ય. લાગી. ૨

સુખમાં તો સૌ કોઈ, દુ:ખનો ન સાથી;
જાઓ બળી એ સોહાગ. લાગી. ૩
સઉતો હસી હસી, કરતાં ઠઠોરી;
આપ ધરો મુને માગ. લાગી. ૪

(મનેકા અંતરીક્ષથી ગાતી આવે છે)

ધન્યાશ્રી.

મનેકા—પ્યારી મારીરે, શાને બનીછે બેજાર. ટેક.
દુ:ખ તણી વાદળી ગઈ છાયી;
દુર એ ધરજે વિચાર. પ્યારી. ૧
પતીએ તારાએ ત્યાગી છે તુજને;
ચિંતા ન કરજે લગાર. પ્યારી. ૨
જુલ્મ હું તુજપર, સાંભળી પ્યારી;
આવી લેવાને આ વાર. પ્યારી. ૩
શાંતી લે ધારી, ધીર ધર પ્યારી;
ચાલ હું સાથે થૈ તૈયાર. પ્યારી. ૪

(પોતા સાથે ઇંદ્રિ લોકમાં લઇ જાયછે.)

પ્રવેશ ૧૧ મો.

ઉપવન.— (મુંદ્રા સામું જોઇ પશ્ચાતાપ કરેછે.)

દુસ્યંત— (કહું શું નશીબે દુ:ખીઓ કીધોછે.)
દુષ્ટ અંગોઠીએ દગો તો દીધો છે;
પ્રીયા સંયોગથી ખેંચી લીધો છે. દુષ્ટ. ૧

અભિલાષથી પ્યારી મળવાને આવી;
તેને આ દુષ્ટાએ ત્યાગ કરાવી. દુ૯. ૨
અવળી તું શાદને બની અગોઠી;
પ્રાણ પ્રિયા મારી પાડી તેં જૂઠી. દુ૯. ૩
આર્જવ કીધા પ્રીયાએ અપાર;
વાંક વગર મેં કીધો ખીકાર. દુ૯. ૪
શકુંતલાને મેં દીધીતી નિશાની;
ભુલી ગયો અફ્સોસ! હું ગુમાની. દુ૯. ૫

(અંતરીક્ષથી માતલી ઉતરેછે.)

રાગ ઇંદ્ર સભાનો.

માતલી—ઇંદ્રિ સભામાંથી આંહિ આવ્યોછું મા'રાજ;
યાદ કરે આપને દેવાધિ દેવરાજ.
રાક્ષસોએ તોડીપું છે ઇંદ્રનું સ્થાન;
ગૌ બ્રાહ્મણ આદીને કરે દાનવો હેરાન.
ચાલો મારી સાથ તેથી પાસ શક્રરાજ;
સાહ્ય ઇચ્છે આપની એ દાનવોને કાજ.

(જાયછે.)

પ્રવેશ ૧૨ મો.

હેમકુટનું જંગલ.

માહાડ રાગ.

ગૌતમી—કરો ન અદકી આળ ચાલો ઘેર જઈએ બાળ,
મળવા ઇચ્છે માનુની, નાંખેછે નિશ્વાસ;

ઉભી જુવે રાહ તુજ માતા, થૈ થૈ મન નિરાશ ચા. ૧

સર્વદમન—છાની દેખે રાહ મારી, કર ન બક બકાટ;

વ્યાઘ્ર અને મારી લૈને આવીશ તારે સાથ. ચા. ૨

દુસ્યંત—(તે જોઇને)

રાગ ઓખાહરણ.

દીસે બાળક આ બળવાન, રૂડું માતાએ આપેલ જ્ઞાન;

વીર પુત્ર હશે એ કોઇ, રહું ચીત્ર સમાન હું જોઇ.

ધન્ય ધન્ય છે એનો તાત, ધન્ય, ધન્ય, છે એની માત;

જેણે દીધેલ એને જનમ, તેનું રમ્ય દીસેછે ભૂવન.

જાણું દુસ્યંત બીજો એહ, નહીં લેશ તે માંહી સંદેહ;

પણ કેમ ટળે એ ભ્રાંતી, ટળે જ્યારે ત્યારે થાય શાન્તી.

રાગ છુલા—મનસવી.

દુસ્યંત—(જફા હોસ્ત તમકો સબ્બવાર હું.)

કહો બાઇ કોણ તણો આ છેપૂત;

દિસે કોઈ ગાંધર્વ કે દેવ દૂત, કહો. ૧

કયિ જાત એની, કહિ એની માત;

શું છે નામ એનું, કહે સાચી વાત. કહો. ૨

ગાતમી—સુણો રાય ક્ષત્રી તણો એ છે સુત;

નથી કોઇ ગાંધર્વ કે દેવ દૂત. સુણો. ૧

છે કોરવકુળ માંહી દુસ્યંતરાય;

પીતા બાળ સુંદરનો એહ થાય. સુણો. ૨

જનૂની શકુંતલા, તેની લખાય;

અતિ ગુપ્ત ભેદે, તજી દીધ રાય. સુણો. ૩
પરિ મેનકા સાથ, રહે સુતમાત;
પરિ તેડી લાવેલ, પોતા સંગાથ. સુણો. ૪

ધનાશ્રી. (વિનંતી ધરજો ધ્યાન એ રાગ.)

દુસ્યંત –(હર્ષમાં)

દુસ્યંત મારૂ નામ, પ્રિયસખી. દુસ્યંત મારૂં નામ.
શકુંતલા છે દિલભર મારી;
તેનું બતાવો ધામ. પ્રિય. ૧

(શકુંતલા આવે છે.)

રાજા--(પ્યારી નામ સાંભળીને થયો છું ઉદાસ.)

પ્યારી મારી માફી તો દીજે મને આ વાર. ટેક.
વાંક વીના તુજને ઓ પ્યારી;
દીધેલ મુખથી ધિક્કાર. પ્યારી. ૧
સાંભરતાંમાં જીવ ગભરાયે;
મારેલ વચનનો માર. પ્યારી. ૨
પ્રિત વિસારી પ્યારી તારી;
અન્યા એથી ઉગાર. પ્યારી. ૩

રાગ માઢ.

શકુંતલા—વિધીએ લખેલા લેખ પીયુજી ટાળ્યાના ટળે. ટેક.

દુર્વાસાએ આગળે હતો દીધેલો શ્રાપ;
તે પ્રમાણે છે બનેલું નહિં તમારો વાંક. પીયુ. ૧
વેગે સ્વામી કાઢી નાંખો મનથી દુઃખની રેલ;
અન્યા'ના તેમાં આપનો, હતો મુજ કિસ્મતનો ખેલ૦ ૨
તેથી રહોજી વાલમાં આ રામમાં મુદામ;
કાઢીને જુદાઈ કોરે, રાખો જગમાં નામ. પીયુ. ૩

રાગ કલ્યાણ.

સૂણો સભા જનો જે ખેલ આજનો શ્રવણ કરી લેજો
આપ આપ નામનો.

સાર સાર તમે ગ્રહણ કરીને ધરજો દીક્ષા કાન;
ભુલ ચુક હું માફ માગું છું આપી તમને માન. સૂણો. ૧
જામનગરના રહેવાશી, ઈશાજી નામ પ્રમાણ;
મિત્ર તેના રામજી ભાઇ, કરે બહુ વખાણ. સૂણો. ૨
વારંવાર હું વિનવી કહું છું, વાંચી લેજો સાર;
પ્રીત કરીને બોલો સર્વે, મુખથી જેજેકાર. સૂણો. ૩

સમાપ્ત.

જાહેર ખબર.

હું નીચે સહી કરનાર—મેહેતાજીઓ તેમજ ભણનારા વિદ્યાર્થીઓને તથા પરગામવાળા બુકશેલરો અગર પરચુરણ ચોપડીઓ વેચનારાઓને નમ્રતાથી ખબર આપુંછું કે મારે ત્યાં તમામ જાતનાં પુસ્તકો મારાં રચેલાં તથા મુંબઈ અને અમદાવાદનાં છાપેલાં જેવાં કે-જૈનધર્મ તથા વૈશ્નવ ધર્મનાં તથા વાર્તાઓનાં, કાયદા સંબંધી સરકારી ગુજરાતી નીશાળમાં ચાલતાં તથા પેહેલેથી સાતમી ચોપડી સુધીના અર્થ, ઉરદુ, ફીસા, મરસીઆઓ, અંગ્રેજી તમામ જાતનાં પુસ્તકો મારી દુકાનેથી મળશે. અને સામટી લેનારાઓને કમીસન આપવામાં આવશે.

તેવીજ રીતે **ભાવનગરમાં** વહોરા અબદુલહુસેન આદમજી—બુકસેલરને ત્યાંથી તમામ જાતનાં પુસ્તકો તથા ફીનેરી કામની સુંદર ટોપીઓ કિફાયત ભાવથી મળશે.

કચ્છમાંડવીમાં—વહોરા તૈયબજી મહમુદભાઈની દુકાનેથી પણ તમામ જાતનાં પુસ્તકો મળશે.

જામનગર. | **ઇસાજી મુસાજી અમીજી**
પ્રખ્યાત બુકસેલર. | **અતરીઆ.** ઠેકાણું. હાથીબજાર.